# 33

મચ્છુ અને ડેમી ડેમની કેનાલ

* 15/4/1068 શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા (મોરબી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે , -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મચ્છુ અને ડેમી ડેમની કેનાલ અને સ્ટ્રકચરોની હાલત જર્જરીત છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | ૧) હા, મચ્છુ તથા ડેમી ડેમની કેનાલ ઘણા વર્ષો જુની હોવાથી આ ડેમોની કેનાલમાં સિંચાઈ માટે પાણી આપવા માટે કેનાલની મુળ આલેખિત વહનક્ષમતા જાળવી રાખવા માટે જરૂરીયાત મુજબના રીપેરીંગના કામો કરાવવામાં આવે છે. |
| ૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના સમારકામ માટે સરકારે કોઈ આયોજન કરેલ છે, અને | ૨) • મચ્છુ તથા ડેમીની કેનાલમાં દર વર્ષે સિંચાઈ પહેલા કેનાલ સાફ-સફાઈ, સ્ટ્રક્ચર સાફ-સફાઈ તથા જરુરીયાત મુજબ રીપેરીંગના કામો કરાવવામાં આવે છે. તેમજ<br>• મચ્છુ-૨ની કેનાલને સુચારૂ સિંચાઈ વ્યવસ્થા માટે લીફ્ટ કેનાલમાં કન્વર્ટ કરવામાં આવેલ છે અને<br>• મચ્છુ-૩ સિંચાઈ યોજનામાં પાઈપ કેનાલનું કામ વર્ષ-૨૦૨૦માં પુર્ણ કરવામાં આવેલ છે.<br>• ડેમી-૧ તથા ડેમી-૨ સિંચાઈ યોજનાની કેનાલના જરૂરીયાત મુજબના સ્ટ્રક્ચર રીપેરીંગના આશરે રૂ.૧૮૭.૬૫ લાખના કામોના અંદાજપત્રકો હાલ મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે |
| ૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | ૩) • મચ્છુ ની કેનાલને લીફ્ટમાં કન્વર્ટ કરવાના તથા લાઈનીંગ કામમાં આશરે ૧૭ કરોડ તેમજ છેલ્લા ત્રણ વર્ષમાં જરૂરીયાત મુજબ સ્ટ્રકચર રીપેરીંગ અને મેઈન્ટેનન્સમાં આશરે ૧.૨૫ કરોડનો ખર્ચ થયેલ છે. |

--------------